ભૂગોળ વિદ્યા.

ભાગ ૧ લો.

(એશિઆ ખંડનું વર્ણન.)

ગુજરાતી અને અંગ્રેજી નિશાળોના

વિદ્યાર્થીઓને માટે.

આવૃત્તિ પાંચમી.

મુંબઈ:

ગ્રેપન પ્રીનટીંગ પ્રેસમાં છાપ્યું છે.

૧૮૮૧.

ભૂગોળ વિદ્યા.

ભાગ ૧ લો.

(એશિયા ખંડનું વર્ણન.)

ગુજરાતી અને અંગ્રેજી નિશાળોના
વિદ્યાર્થીઓને માટે.

આ ચોપડી સને ૧૮૬૭ના ૨૫મા આકટ મુજબ
રજીસ્ટર કરાવી છે.

આવૃત્તિ પાંચમી.

મુંબઈ:
રાપન પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું છે.

૧૮૮[illegible]

२७६३

भूगोळ विद्या.

भाग १ लो.

प्रकरण १ लुं.—पृथ्वी.

१. પૃથ્વીનો આકાર.

આકાશમાં ઘણા તારા દેખાય છે તેવોજ આપણી પૃથ્વી એક ગ્રહ અથવા તારો છે. પૃથ્વીનો ઘણો થોડો ભાગ આપણી નજરે પડે છે તેથી આપણને પૃથ્વીનો ખરો આકાર માલમ પડતો નથી. પૃથ્વી એક દડાના જેવી ગોળાકાર છે, પણ તેના ઉપલા અને નીચલા ભાગમાં નારંગીની માફક ચપટી છે.

પૃથ્વી ગોળાકાર છે તેની થોડી સાબીતી નીચે આપી છેઃ—

(અ) બારાંમાં દાખલ થતું એક વહાણ જ્યારે કિનારાથી થોડુંક દૂર હોય છે, ત્યારે તે વહાણનો સઘળો ભાગ કિનારે ઉભેલાં માણસને દેખાતો નથી, પણ તેનો ઉપલો ભાગજ દેખાય છે; પણ જેમ તે વહાણ કિનારાની નજદીક આવતું જાય છે, તેમ તેના નીચલા ભાગો અને બાજુ નજરે પડે છે. એજ પ્રમાણે બારાંમાંથી હંકારી જતું વહાણ જેમ કિનારાથી દૂર જતું જાય છે, તેમ તેના નીચલા ભાગો દે

ખાતા બંધ પડે છે, અને ઘણુંજ દૂર જાય છે ત્યારે તે તદ-ન નજરે પડતું નથી.

(આ) વળી એક માણસ એક મેદાનમાં ઊભો રહીને એક દૂરના ડુંગર તરફ નજર કરશે, તો તેને તે ડુંગરનો ઉપ-લોજ ભાગ દેખાશે; પણ જેમ જેમ તે માણસ તે ડુંગરની નજદીક જતો જશે, તેમ તેમ તેને તેના નીચલા ભાગો જણા-તા જશે, ને છેક પાસે જશે ત્યારે આખો ડુંગર તળિયેથી શખર સુધી તેની નજરે પડશે.

(ઈ) ચંદ્રગ્રહણ થાય છે ત્યારે પૃથ્વીની છાયા જે ચંદ્ર ઉપર પડે છે તે ગોળ હોય છે.

(ઉ) વહાણમાં બેસીને પૃથ્વીની જે પુરૂષો પ્રદક્ષિણા કરે છે તેઓ જે જગાથી નિકળે છે તે જગાએ વહાણનું મોં ફેરવ્યા વગર આવી શકે છે.

---

૨. પૃથ્વીની ગતી.

પૃથ્વી તમને સ્થિર લાગેછે, પણ તેમ નથી; એ ફરેછે પૃથ્વી સૂર્યની આસપાસ ફરેછે, અને તેજ વખતે પોતાની ધ-રીની આસપાસ પણ ફરેછે. સૂર્યની આસપાસ ફરી રહેતાં પૃ-થ્વીને એક વર્ષ અથવા ૩૬૫ા દહાડા લાગેછે; અને ધરીની-આસપાસ ફરી રહેતાં એક દહાડો અથવા ૨૪ કલાક લા-ગેછે.*

---

*જે કલ્પિત લીટીપર પૃથ્વી પશ્ચિમથી પૂર્વે ૨૪ કલાકમાં ફરી રહે છે તેને પૃથ્વીની ધરી કહે છે.

પૃથ્વીની સૂર્યની આસપાસની ગતિથી ઋતુઓ બદલાય-છે; અને ધરીની આસપાસની ગતિથી દહાડો અને રાત થાય-છે. ધરીની આસપાસ ફરતી વખતે પૃથ્વીનો જે ભાગ સૂર્ય તરફ હોયછે ત્યાં દહાડો હોયછે, અને જે ભાગ સૂર્ય તરફ હોતો નથી ત્યાં રાત હોય છે.

૩. પૃથ્વીનો નકશો.

ભૂગોળ વિદ્યાનું જ્ઞાન મેળવવાને મુખ્ય સાધન **નકશો** છે. કાગજ અથવા કપડાં ઉપર પાડેલા પૃથ્વીના અથવા પૃથ્વીના કોઈ પણ ભાગના ચિતારને **નકશો** કહે છે.

પૃથ્વીનો નકશો બે ગોળ ભાગમાં ચિતારવામાં આવેછે; તેમાંના એક ભાગને **પૂર્વ** ગોળાર્ધ કહેછે, અને બીજા ભા-ગને **પશ્ચિમ** ગોળાર્ધ કહેછે.

પૂર્વ ગોળાર્ધને **જૂની દુનિયા** કહેછે, કારણકે એ ભાગ અસલના લોકોને જણાયલો હતો; અને પશ્ચિમ ગોળાર્ધને **નવી દુનિયા** કહેછે, કારણકે એ ભાગ ૧૫મી સદીમાં કોલ-મ્બસે શોધી કાઢયો ત્યાં સુધી જૂની દુનિયાના લોકને જણા-યલો ન હતો.

---

૪. દિશાઓ.

એક જગા બીજી જગાની કઈ બાજુએ આવેલીછે તે જાણવાંને સારૂં દિશા ઠરાવેલી છે. દિશા ચાર છે-૧. **ઉત્તર**; ૨. **દક્ષિણ**; ૩. **પૂર્વ**; ૪. **પશ્ચિમ**.

જે બાજુએ સૂરજ ઉગે છે તે બાજુને **પૂર્વ દિશા** કહે

છે. જે બાજુએ સૂરજ અસ્ત પામેછે તે બાજુને **પશ્ચિમ દિશા** કહે છે. **પૂર્વ દિશા** તરફ મ્હોડું કરીને ઉભા રહીએ તો જમના હાથપરની **દક્ષિણ દિશા** હોય છે. પૂર્વ દિશા તરફ મ્હોડું કરીને ઉભા રહીએ તો ડાબા હાથપરની **ઉત્તર દિશા** હોય છે.

નકશામાં ઉત્તર દિશા નકશાને મથાળે હોય છે, અને દક્ષિણ દિશા નકશાના નીચલા ભાગમાં હોય છે; પૂર્વ દિશા તમારા જમણા હાથ ઉપર, અને પશ્ચિમ દિશા તમારા ડાબા હાથ ઉપર હોય છે.

ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો **ઈશાન કોણ** કેહેવાય છે; ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો **વાયવ્ય કોણ** કેહેવાયછે; દક્ષિણ અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો **અગ્નિ કોણ** કેહેવાય છે; દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો **નૈરૃત્ય કોણ** કેહેવાય છે.

---

૫. પૃથ્વીની સપાટી.

પૃથ્વીની સપાટીના બે મુખ્ય ભાગ છેઃ—**જમીન અને પાણી**. સઘળી જમીન પાણીથી વીંટલાયલી છે. પૃથ્વીની સપાટીનો લગભગ પોણો ભાગ પાણી છે, અને બાકીનો ભાગ જમીન છે.

---

૬. ભુગોળ શાસ્ત્રીઓએ કરેલા જમીનના મુખ્ય ભાગો.

પૃથ્વીની સપાટીપરની જમીનના ભૂગોળ શાસ્ત્રીઓએ

છ મોટા ભાગ કર્યાછે, જેઓને ખંડ કહેછે.—૧. એશિઆ ૨. યૂરોપ; ૩. આફ્રિકા; ૪. ઉત્તર અમેરિકા; ૫. દક્ષિણ અમેરિકા; ૬. ઓશીએન્યા. આ છ ભાગો માહેલા પહેલા ત્રણ ભાગો પૂર્વ ગોળાર્ધમાં છે, અને તેઓને જૂની દુનિયા કહેછે; ચોથો અને પાંચમો ભાગ પશ્ચિમ ગોળાર્ધમાં છે, અને તે ભાગને નવી દુનિયા કહેછે; અને છઠ્ઠો ભાગ (જે ઘણા એક ટાપુઓનો બનેલો છે તે) બન્ને ગોળાર્ધમાં છે.

પૂર્વ ગોળાર્ધમાં એશિઆ સર્વથી મોટો ખંડ છે. એની પશ્ચિમે યૂરોપખંડ આવેલો છે. યૂરોપખંની દક્ષિણ અને એશિઆની નૈરૂત્ય દિશાએ આફ્રિકાખંડ આવેલોછે. ઉત્તર અને દક્ષિણ અમેરિકા પશ્ચિમ ગોળાર્ધમાં છેક ઉત્તર ધ્રુવથી તે લગભગ દક્ષિણ ધ્રુવ સુધી આવેલાછે.*

૭. ભૂગોળ શાસ્ત્રીઓએ કરેલા પાણીના મુખ્ય ભાગો.

પૃથ્વીની સપાટીપરના પાણીના ભૂગોળ શાસ્ત્રીઓએ પાંચ મોટા ભાગ કર્યા છે, જેઓને મહાસાગર કહેછે.—૧. ઉત્તર મહાસાગર; ૨. દક્ષિણ મહાસાગર; ૩. પેસિફિક મહાસાગર; ૪. આટલાન્ટિક મહાસાગર; ૫. હિંદી મહાસાગર.

ઉત્તર મહાસાગર ઉત્તર ધ્રુવની આસપાસ છે. દક્ષિણ

* પૃથ્વીની ધરીના છેડાને ધ્રુવ કહે છે. ઉત્તર તરફના છેડાને ઉતર ધ્રુવ, અને દક્ષિણ તરફના છેડાને દક્ષિણ ધ્રુવ કહે છે.

મહાસાગર દક્ષિણ ધ્રુવની આસપાસ છે. પેસિફિક મહાસાગર એશિઆ અને અમેરિકા વચ્ચે આવેલો છે. આટલાન્ટિક મહાસાગર અમેરિકાની પૂર્વે અને યૂરોપ તથા આફ્રિકાની પશ્ચિમે આવેલો છે. હિંદી મહાસાગર એશિઆની દક્ષિણ દિશાએ આવેલો છે.

---

૮. જમીનના પ્રાકૃતિક (કુદરતી) ભાગો.

પૃથ્વીની સપાટીપરની જમીનના પ્રાકૃતિક ભાગો ખંડ, દેશ, બેટ, દ્વીપકલ્પ, સંયોગીભૂમી, ભૂશિર, પર્વત, ખીણ, જવાળામુખી, મેદાન, ઉંચ્ચસમભૂદેશ, જળાશય, રણ, અને કિનારો છે.

પૃથ્વીની સપાટીપરની જમીનના જે છ મોટા ભાગ કર્યા છે તેમાંના દરેક ભાગને **ખંડ** કહે છે.

ખંડ કરતાં નાના જમીનના ભાગને **દેશ** કહે છે.

જમીનના જે નાના ભાગની સઘળી બાજુએ પાણી હોય છે તેને **બેટ** અથવા **દ્વીપ** કહેછે.

જમીનનો જે નાનો ભાગ ઘણો ખરો પાણીથી વીંટ-લાયલો હોય છે, અને એક બાજુએ બીજી જમીન સાથે જોડાયલો હોય છે, તેને **દ્વીપકલ્પ** કહે છે.

જમીનનો જે સાંકડો ભાગ બે જમીનના કકડાને જોડે છે તેને **સંયોગીભૂમી** કહે છે.

જમીનનો જે છેડો લાંબો થઇને પાણીમાં ગયલો હોય છે તેને **ભૂશિર** કહે છે.

જમીનનો જે ભાગ ઘણો ઊંચો ગયલો હોય છે તેને **પર્વત** અથવા **પાહાડ** કહે છે.

જમીનનો જે ભાગ પર્વત કરતાં થોડો ઊંચો હોય છે તેને **ડુંગર** કહેછે. પર્વતના ઊંચામાં ઊંચા ભાગને **શીખર** અથવા **ટોંચ** કહેછે. તળેટીએ જોડાયલા પર્વતોને **પર્વતોની હાર** કહે છે.

બે પર્વતોની વચ્ચેની નીચી જમીનને **ખાણ** કહેછે.

જે ડુંગરમાંથી બળતા પદાર્થ નિકળીને બહાર પડે છે તેને **જવાળામુખી** કહે છે.

સપાટ જમીનના મોટા ભાગને **મેદાન** કહેછે.

પર્વત અથવા ડુંગર ઉપર આવેલાં મોટાં મેદાનને **ઉંચ્ચ સમભૂદેશ** કહે છે.

ઊંચી ભૂમિના જે ભાગમાંથી પાણી જૂદી જૂદી દિશાએ વહે છે તેને **જળાશય** કહે છે.

જે મેદાનમાં વનસ્પતિ થતી નથી, અને માણસની વસ્તી હોતી નથી, તેને **રણ** કહે છે.

જમીનનો જે ભાગ પાણીના કોઇ પણ ભાગની પાસે હોય છે, તેને **કિનારો** કહે છે.

---

૯. પાણીના પ્રાકૃતિક (કુદરતી) ભાગો.

પૃથ્વીની સપાટીપરનાં પાણીના પ્રાકૃતિક ભાગો મહાસાગર, સમુદ્ર, અખાત, સામુદ્રધુનિ, સરોવર, નદી, ખાડી અને બંદરછે.

પૃથ્વીનીસપાટી પર્નાં પાણીના જે પાંચ મોટા ભાગ કર્યાછે તેમાના દરેક ભાગને **મહાસાગર** કહેછે.

મહાસાગર કરતાં નાના ખારા પાણીના ભાગને **સમુદ્ર** કહે છે.

જમીનના ખાંચામાં ગયલા સમુદ્રના ફાંટાને **અખાત** કહે છે. પોહોળાં મ્હોડાંના અખાતને **ઉપસાગર** કહે છે.

જે સાંકડો સમુદ્ર પાણીના બે ભાગને જોડેછે તેને **સામુદ્રધુનિ** કહે છે.

મીઠાં અથવા ખારાં પાણીનો જે ભાગ સઘળી બાજુએ જમીનથી ઘેરાયલો હોય છે તેને **સરોવર** કહે છે.

મીઠાં પાણીનો જે પ્રવાહ પર્વત અથવા સરોવરમાંથી નિકળીને સમુદ્ર અથવા સરોવરને મળે છે તેને **નદી** કહે છે.

જે જગામાંથી નદી નિકળે છે તે જગાને નદીનું **મુળ** કહે છે; અને જે જગાએ નદી સમુદ્રને મળે છે તે જગાને નદીનું **મુખ** કહે છે. જે નાની નદી બીજી મોટી નદીને મળેછે તેને **નદ્યંતરગામિ** કહે છે; અને જે જગાએ નદ્યંતરગામિ મોટી નદીને મળે છે તે જગાને **સંગમ** કહે છે.

સમુદ્રનું પાણી ભરતીની વખત અંદર આવે એવાં નદીનાં પોહોળાં મુખને **ખાડી** કહે છે.

કિનારા પાસેના સમુદ્રના જે ભાગમાં વહાણો સલામતી સાથ લંગરવાર થાય છે તેને **બંદર** કહે છે.

प्रकरण २ जुं.

मुंबई इलाको.

જે પ્રાંતમાં આપણે વસીએ છીએ તેને મુંબઈ ઇલાકો કહે છે. મુંબઇ ઇલાકો હિંદુસ્તાન દેશનો એક ભાગ છે, અને તેની પશ્ચિમ દિશાએ આવેલો છે. હિંદુસ્તાન એશિઆ ખંડની દક્ષિણે એક દેશ છે.

મુંબઇ ઇલાકો એક લાંબો અને સાંકડો મુલક છે. એની લંબાઇ આસરે ૧૦૦૦ મૈલ છે; અને એની સરાસરી પોહોળાઇ આસરે ૧૯૦ મૈલ છે. એનું ક્ષેત્રફળ સુમારે ૧,૯૦,૦૦૦ ચોરસ મૈલ છે. એમાં આસરે આઢી કરોડ માણસની વસ્તી છે.

મુંબઈઇલાકાની સીમા.

મુંબઇ ઇલાકાની ઉત્તરે બલૂચિસ્તાન દેશ અને પંજાબ પ્રાંત છે; પશ્ચિમે બલૂચિસ્તાન અને અરબી સમુદ્ર છે; દક્ષિણે મદ્રાસ ઇલાકો અને મૈસોર પ્રાંત છે; અને પૂર્વે રજપૂતાના પ્રાંત, મધ્યહિંદુસ્તાનનાં સંસ્થાનો, મધ્ય પ્રાંત, બીરાર, અને હૈદ્રાબાદ પ્રાંત છે.

મુંબઈઇલાકાના મુખ્ય ભાગો.

૧. સિંધપ્રાંત [સહિત.]

૨. ગૂજરાત પ્રાંત. (કચ્છ અને કાઠીઆવાડ
૩. કોકણ પ્રાંત (મુંબઇ બેટ સહિત)
૪. દખણ પ્રાંત.
૫. દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંત (ઉત્તર કાનડા સહિત)

દરેક પ્રાંતના જિલ્લા અને દેશી સંસ્થાનમાં વિભાગ કરવામાં આવ્યાછે. પ્રાંતોનો જે ભાગ દેશીરાજ્યોથી રોકાયલો નથી, તે ભાગ જિલ્લાઓમાં ગણાય છે. દેશીરાજાઓ અંગ્રેજ સરકારને ખંડણી આપેછે, અને તેઓની દરબારમાં નીમેલા અંગ્રેજી અમલદારોની સલાહ પ્રમાણે રાજ્ય કારભાર ચલાવે છે.

કેટલાંએક નાના રાજ્યોને ભેગાં કરીને એકજ અંગ્રેજ અમલદારની દેખરેખ તલે સોંપેલાં હોયછે. એવાં ભેગાં કરેલાં રાજ્યોને એજન્સિ કહે છે.

મુંબઈ ઈલાકાના મુખ્ય પર્વત.

૧. હાલા પર્વત—સિંધ પ્રાંતમાં.
૨. ગિરનાર પર્વત—કાઠીઆવાડમાં.
૩. સાતપૂડા પર્વત—ગુજરાત અને દખણમાં.
૪. સહ્યાદ્રિ પર્વત અથવા પશ્ચિમ ઘાટ—કોકણ અને દખણની વચ્ચે.

મુંબઈ ઇલાકાના મુખ્ય અખાત.

૧. કચ્છનો અખાત—કચ્છ અને કાઠીઆવાડની વચ્ચે.

૨. ખંભાતનો અખાત—કાઠીઆવાડની પૂર્વે.

મુંબઈ ઈલાકાની મુખ્ય નદી.

૧. સિંધુ—સિંધ પ્રાંતમાં વહે છે, અને અરબી સમુદ્રને મળેછે.

૨.	બનાસ.	ગુજરાત પ્રાંતમાં વહે છે, અને કચ્છના રણને મળે છે.
૩.	સરસ્વતી.	
૪.	સાબરમતી.	ગુજરાતમાં વહે છે, અને ખંભાતના અખાતને મળે છે.
૫.	મહી.	
૬.	નર્મદા.	
૭.	કીમ.	
૮.	તાપી.	
૯.	ગોદાવરી.	દખણ પ્રાંતમાં વહે છે.
૧૦.	નીરા.	
૧૧.	ભીમા.	
૧૨.	કૃષ્ણા.	દખણ અને દક્ષિણ મહારાષ્ટ્રમા વહે છે.
૧૩.	તુંગભદ્રા.	

મુંબઈ ઇલાકાની રાજ્યરીતિ.

આખા મુંબઇ ઇલાકાપર એક અંગ્રેજ અમલદાર હકુમત ચલાવે છે, જેને 'ગવર્નર' કહે છે, અને જેની નીમણુક ઇંગ્લાંડનાં મહારાણી કરે છે. ગવર્નરને રાજ્ય કારભારમાં સલાહ આપવાને અને મદદ કરવાને ત્રણ મોટા અધીકારીઓ હોય છે, જેઓ 'કાઉન્સિલર' કેહેવાય છે,

એક કાઉન્સિલરને મેહેસુલ ખાતાંના અમલદારોમાંથી નીમ-વામાં આવેછે, અને તે મેહેસુલ ખાતાંનો વહીવટ ચલાવેછે; બીજો ન્યાયખાતાંના અમલદારોમાંથી નીમવામાં આવે છે, અને તે ન્યાય ખાતાંનો વહીવટ ચલાવેછે; અને ત્રીજો ઇલા-કાનો સેનાધીપતી છે, જે લશકરી ખાતાંનો સઘળો વહીવટ ચલાવે છે. ઇલાકાનાં મુખ્ય શેહેર મુંબઇમાં ઇનસાફની મોટી અદાલત છે, જેનો વડો ન્યાયધીશ ઇલાકાની સઘલી અદા-લતો ઉપર દેખરેખ રાખે છે.

ઇલાકા માહેલાં સઘળાં દેશી રાજ્યો મુંબઇના ગવ-ર્નરના તાબા હેઠળ છે.* દેશી સંસ્થાનો અને 'એજન્સિ' માં ઇંગ્રેજ સરકાર તરફથી ઇંગ્રેજ અમલદારો રહે છે, જેઓ ને 'પોલીટીકલ એજન્ટ' કહે છે. પોલિટિકલ એજન્ટો દેશી રાજા અને તેમના કારભારીઓને રાજ્યકારભારમાં મદદ કરેછે અને સલાહ આપે છે, અને રૈયતપર જુલમ થતો અટકાવે છે. એ અમલદારો મુંબઇના ગવર્નરના હુકમ મુ-જબ ચાલે છે. કેટલાંએક મોટાં રાજ્યો અથવા એજન્સિ માં એક અથવા વધારે 'આસિસ્ટંટ પૉલિટિકલ એજન્ટ' નીમેલા હોય છે, જેમના તાબામાં રાજ્ય અથવા અજન્સિ ના ભાગો સોંપેલા હોય છે.

ઇલાકાના સઘળા જિલ્લાઓને ચાર 'કમીશનર'ના તાબામાં સોંપેલા છે. ઊત્તર વિભાગના કમીશનરના તાબામાં ગૂજરાત પ્રાંતના જિલ્લા, અને રત્નાગિરિ સિવાય કોકણ પ્રાં-

* વડોદરા સંસ્થાન હિંદુસ્તાનના ગવર્નર જેનરલની હકુમ-ત નીચે છે.

તના જિલ્લા છે. મધ્ય વિભાગના કમીશનરના તાબામાં દખણુ પ્રાંતના જિલ્લા છે. દક્ષિણ વિભાગના કમીશનરના તાબામાં દક્ષિણ મહારાષ્ટ પ્રાંતના જિલ્લા અને રત્નાગિરિ જિલ્લો છે. સિંધ પ્રાંતના કમીશનરના તાબામાં સિંધ પ્રાંત છે. કમીશનરોના તાબામાં કેટલીએક નાની 'પોલિટિકલ એજન્સિ' પણુ સોંપેલી છે. સઘળા કમીશનરો મુંબઇના ગવર્નરના હુકમ મુજબ ચાલે છે.

કમીશનરોના તાબા હેઠળ દરેક જિલ્લામાં હકુમત ચલાવવાને 'કલેકટર' નીમેલા છે. કલેકટરને મદદ કરવાને 'આસિસ્ટંટ કલેકટર' અને 'ડેપ્યુટી કલેકટર' હોય છે, જેઓને જિલ્લાના ભાગો સોંપવામાં આવે છે. દરેક જિલ્લાના તાલુકામાં ભાગ કરેલાછે. દરેક તાલુકામાં એક મામલતદાર હકુમત ચલાવેછે, જે કલેકટરના હુકમ મુજબ ચાલે છે.

એક સિંધ પ્રાંત.

સિંધ પ્રાંત મુંબઇ ઇલાકાની ઉત્તરે, બલૂચિસ્તાન દેશ અને રજપૂતાના પ્રાંતની વચ્ચે આવેલો છે. એ પ્રાંતના લોકોને સિંધી લોક કહે છે, જેઓનો લગભગ પોણો ભાગ મુસલમાની ધર્મ પાળે છે; બાકીના હિંદુછે. એ પ્રાંતની મુખ્ય ભાષા સિંધી અને બલૂચી છે. સિંધમાં વરસાદ થોડો પડેછે; પણ સિંધુ નદીમાં રેલ આવે છે અને પાણી આસપાસના મુલકમાં ફરી વળેછે, તેથી ધરતી રસાળ બને છે.

સિંધ પ્રાંતના ત્રણ જિલ્લા અને બે પરગણામાં ભાગ કરવામાં આવ્યાછે. વળી એમાં ખેરપુર નામે એક દેશી

સંસ્થાન છે. હૈદ્રાબાદ શેહેર જે સિંધુ નદીને કાંઠે આવેલું છે તે સિંધ પ્રાંતની રાજધાની છે. એ પ્રાંતનું મુખ્ય બંદર કરાંચી છે.

સિંધ પ્રાંતના વિભાગો અને શેહેરો.

જિલ્લા	મુખ્ય શેહેરો.
૧. શિકારપુર............	શિકારપુર; સકકર.
૨. હૈદ્રાબાદ	હૈદ્રાબાદ
૩. કરાંચી....................	કરાંચી; કોટ્રી
પરગણાં	
૪. ઉપલો સરહદનો મુલક....	જેકબાબાદ
૫. થર અને પારકર	અમરકોટ
દેશી સંસ્થાન	
૬. ખેરપુર	ખેરપુર

---

૨. ગૂજરાત પ્રાંત.

ગૂજરાત પ્રાંત મુંબઇ ઈલાકાના મધ્ય ભાગમાં, અરબી સમૃદ્ર અને મધ્ય હિંદુસ્તાનનાં દેસી સંસ્થાનોની વચ્ચે આવેલો છે. એ પ્રાંતમાં મુખ્યત્વે કરીને ગુજરાતી હિંદુઓ વસે છે, અને ઘણા ખરાં લોકો હિંદુ ધર્મ પાળેછે. એ પ્રાંતની મુખ્ય ભાષા **ગૂજરાતી** છે, અને એની ધરતી ઘણી રસાળ છે. એ પ્રાંતમાં સાબરમતી, મહી, નર્મદા, તાપી, કીમ, પૂર્ણા, બનાસ, અને સરસ્વતી નદીઓ વહે છે.

ગૂજરાત પ્રાંતમાં ઘણાં દેશી રાજ્યો છે. એ પ્રાંતનાં સઘળા મળી ૧૪ વિભાગ કરવામાં આવ્યા છે. એ વિભાગોમાં પાંચ જિલ્લા, ત્રણ દેશી સંસ્થાન, અને છ એજન્સિ છે. **અમદાવાદ** શેહેર જે સાબરમતી નદી ઉપર આવેલું છે, તે ગૂજરાત પ્રાંતની રાજધાની છે. ગૂજરાત પ્રાંતનાં મુખ્ય બંદર **સુરત**, ભરૂચ, ખંભાત, ઘોઘા, પોરબંદર અને **કચ્છમાંડવી** છે. ગૂજરાત પ્રાંતમાં બે મોટી લોઢાની સડકછે; એક 'બોમ્બે બરોડા' અને બીજી 'રજપૂતાના માળવા.' દેશી રાજાઓએ પણ પોતાના મુલકોમાં કેટલીએક નાની લોઢાંની સડક બાંધી છે.

ગૂજરાત પ્રાંતના વિભાગો.

જિલ્લા.	સંસ્થાનો.	એજન્સિ.
૧. અમદાવાદ	૬. કચ્છ	૯. કાઠીઆવાડ
૨. ખેડા	૭ વડોદરા	૧૦. પાલનપુર
૩. પંચમહાલ	૮. ખંભાત	૧૧. મહીકાંઠા
૪. ભરૂચ		૧૨. રેવાકાંઠા
૫. સુરત		૧૩. પંચમહાલ
		૧૪. સુરત

---

(૧) અમદાવાદ જિલ્લો.

અમદાવાદ જિલ્લો ગૂજરાત પ્રાંતના ઉત્તર ભાગમાં આવેલો છે. એનો ઘણો ખરો મુલક સપાટ છે, અને એમાં મુખ્ય નદી સાબરમતીછે. એ જિલ્લામાં ખેતીવાડીનું કામ સારૂં ચાલે છે. એ જિલ્લાના સાત તાલુકા કર્યા છે. જિલ્લા-

ની મુખ્ય પેદાશ રૂ, ગળી, દીવેળી, ડાંગર, ચણા, અને શેરડી છે.

અમદાવાદ જિલ્લાનું મુખ્ય શેહેર **અમદાવાદ** છે, જે સાબરમતીને કાંઠે આવેલું છે. એ શેહેરમાં આગળા વખતની ઘણી સુંદર ઇમારતો છે. એ શેહેરમાં મદ્રેસાઓ, હાઇસ્કૂલો અને કન્યા શાળાઓ સ્થાપેલીછે, અને તેમને માટે શોભાયમાન મકાનો બાંધેલાં છે. એ શેહેરમાં વળી રેશમી કાપડ ઘણું વણાય છે.

અમદાવાદ જિલ્લાનાં બીજાં મોટાં શેહેરો **વીરમગામ, ધોળકા, ધોલેરા અને ધોધા** છે.

---

(૨) ખેડા જિલ્લો.

ખેડા જિલ્લો અમદાવાદ જિલ્લાની પૂર્વે આવેલો છે. એ જિલ્લાની જમીન સપાટ અને રસાળ છે, અને એમાં કેટલીએક નદીઓ વહે છે, જેમાં મહી નદી મુખ્ય છે. એ જિલ્લાનાં પણ સાત તાલુકા કર્યા છે.

ખેડા જિલ્લાનું મુખ્ય શેહેર **ખેડા** છે, જયાં કલેકટરની કચેરી છે; પણ એ જિલ્લાનું ઘણું વસ્તીવાળું શેહેર **નડીઆદ** છે. બીજાં મોટા શેહેરો **કપડવણજ, ડાકોર, ઉમરેઠ, અને બોરસદ** છે.

---

(૩) પંચમહાલ જિલ્લો.

પંચમહાલ જિલ્લો ખેડા જિલ્લાની પૂર્વે આવેલો છે. રેવાકાંઠા એજન્સિનો થોડો ભાગ વચ્ચે આવ્યાથી, એ જિલ્લાના બે ભાગ થઇ ગયા છે. એક ભાગનું મુખ્ય શેહેર

ગોધરા છે, અને બીજા ભાગનું મુખ્ય શેહેર દાહોદ છે. એ જિલ્લાના ત્રણ તાલુકા કર્યા છે. એ જિલ્લાની જમીન ઊંચી નીચી અને વેરાન છે, તેથી ખેતીવાડીનું કામ સારું ચાલતું નથી.

---

(૪) ભરૂચ જિલ્લો.

ભરૂચ જિલ્લો ખેડા જિલ્લાની દક્ષિણ આવેલો છે, એ જિલ્લાની પશ્ચિમે ખંભાતનો અખાત છે. એમાં નર્મદા અને કીમ નદી વહેછે. નર્મદા નદી ઘણી મોટી અને ઊંડીછે, તેથી એની મારફતે બોહોળો વેપાર ચાલે છે. એ જિલ્લાની જમીન ઘણી રસાળ છે, અને ખેતીવાડી સારી ચાલેછે. એની મુખ્ય પેદાસ રૂ છે. એ જિલ્લાના પાંચ તાલુકા કર્યાછે.

ભરૂચ જિલ્લાનું મુખ્ય શેહેર ભરૂચ છે, જે નર્મદા નદીનાં મુખ આગળ આવેલું છે. એ શેહેરમાં વેપાર રોજગાર સારો ચાલે છે. બીજાં મોટાં શેહેરો અંકલેશ્વર. હાંસોટ, આમોદ, અને જંબુસર છે.

---

(૫) સુરત જીલ્લો.

સુરત જિલ્લો ભરૂચ જિલ્લાની દક્ષિણ આવેલો છે. એની પશ્ચિમે ખંભાતનો અખાત અને અરબી સમુદ્ર છે. એ જિલ્લાની જમીન ઘણીખરી સપાટ અને રસાળ છે. એમાં મુખ્ય નદીઓ તાપી, કીમ અને પુર્ણા છે. એ જિલ્લાની મુખ્ય પેદાશ રૂ, ડાંગર, જુવાર, ઘઊં, દીવેલી અને શેરડી છે. એ જિલ્લાના આઠ તાલુકા કર્યા છે.

સુરત જિલ્લાનું મુખ્ય શેહેર સુરત છે, જે તાપી નદીના મુખ આગળ આવેલું છે. એમાં એક લાખ કરતાં વધારે માણસની વસ્તી છે. એમાં ઘણી નિશાળો અને કારખાનાંછે. એ શેહેરમાં આગળ ઘણી વસ્તી હતી, અને એ પશ્ચિમ હિંદુસ્તાનનું સર્વથી મોટું બંદર ગણાતું હતું. એમાં પેહેલાં બોહોળો વેપાર ચાલતો હતો, પણ વારંવારની મોટી આગોથી, અને મુંબઇ વેપારનું મુખ્ય મથક થયાથી, એ શેહેરનો વેપાર તૂટી ગયો છે.

સુરત જિલ્લાનાં બીજાં શેહેરો રાંદેર, ઓરપાડ, માંડવી, બારડોલી, જલાલપોર, ચીકલી, વલસાદ, પારડી, અને ઉડવાડા છે.

---

(૬) કચ્છ સંસ્થાન.

કચ્છ દેશ સિંધ અને કાઠીઆવાડની વચ્ચે છે. એની ઉત્તરે મોટું રેતીનું મેદાન છે, જેને કચ્છનું રણ કહે છે. એ રણ ચોમાસામાં પાણીથી ભરપુર હોય છે. એ દેશનો દક્ષિણ ભાગ સપાટ છે, ને જમીન રસાળ છે. ઉત્તર અને મધ્ય ભાગમાં ડુંગરાં આવેલાં છે. એ દેશમાં કોઇ મોટી નદી નથી. કચ્છમાં હિંદુ રાજા છે, જે 'રાવ' ના નામથી ઓળખાય છે. કચ્છની સોના રૂપાની નકસીદાર કારીગિરીઓ ઘણી વખણાય છે, અને એ દેશમાં સુતરાઉ અને રેશમી કાપડ વણવાનાં કારખાનાં છે.

કચ્છની રાજધાની ભૂજ છે, જે ૧૬૦૫ માં વસાવ્યું હતું. પોલિટિકલ એજન્ટ પણ ભૂજમાં રહેછે. એ શેહેરમાં કેળવણી આપવાનું કામ ઘણું સારૂં ચાલે છે, અને

તેને માટે કેટલીએક નિશાળો સ્થાપેલી છે. કચ્છનું વેપારનું મુખ્ય મથક માંડવી બંદર છે, જેમાં ભારે વસ્તી છે.

---

(૭) ખંભાત સંસ્થાન.

ખંભાત સંસ્થાન અમદાવાદ અને ખેડા જિલ્લાની વચ્ચે આવેલું છે. એની દક્ષિણે ખંભાતનો અખાત છે. એ સંસ્થાનનો હાકેમ એક મુગલ છે, જે નવાબને નામે ઓળખાય છે. એ સંસ્થાનનો પોલિટિકલ એજન્ટ ખેડાનો કલેકટર છે.

એ સંસ્થાનનું મુખ્ય શેહેર ખંભાત છે, જે મહી નદીનાં મુખ આગળ આવેલું છે.

---

(૮) વડોદરા સંસ્થાન.

વડોદરા સંસ્થાનના ભાગો ગૂજરાત પ્રાંતમાં ઘણા વીખરાતા, અને બીજાં રાજ્યો જોડે ભેળાઇ ગયલા છે. મુંબઇ ઇલાકાનાં દેશી રાજ્યોમાં એ સર્વથી મોટું રાજ્ય ગણાય છે. એ રાજ્ય અગાઉ મુંબઇના ગવર્નરના તાબામાં હતું, પણ થોડાં વર્ષ થયાં હિંદુસ્તાનના ગવર્નર જેનરલના તાબા હેઠળ છે; જેનો એક એજન્ટ એ સંસ્થાનની દેખરેખ રાખે છે.

વડોદરા સંસ્થાનનું મુખ્ય શેહેર વડોદરા છે, જેમાં મહારાજા ગાયકવાડ રહે છે; અને શેહરમાં કેટલીએક સુંદર ઇમારત, અને કેળવણી આપવાનાં શોભાયમાન મકાન બાંધેલાં છે. એ સંસ્થાનના બીજાં મોટાં શેહેરો નવસારી, ગણદેવી, અમરેલી, અને પાટણ છે.

(૮) કાઠીઆવાડ એજન્સિ.

કાઠીઆડ મુંબઇ ઇલાકાની પશ્ચિમે કચ્છ અને ખંભાતાના અખાતની વચ્ચે એક મોટો દ્વિપકલ્પ છે. એમાં **ગિરનાર** નામે એક પર્વત છે. એમાં કોઈ મોટી નદી વહેતી નથી; એના રાજકાજના બંદોબસ્ત માટે અંગ્રેજ સરકાર તરફથી એક પોલિટિકલ એજન્ટ રેહે છે, જેની કચેરી રાજકોટ શેહેરમાં છે. એ એજન્સિના ચાર ભાગો કર્યા છે. દરેક ભાગ એક આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટની દેખરેખ હેઠળ છે.

એજન્સિના ભાગો.	આ૦ પો૦ એજન્ટનું મથક.
૧. ઝાલાવાડ પ્રાંત.	વઢવાણ.
૨. ગોહેલવાડ પ્રાંત.	સોનગઢ.
૩. સોરઠ પ્રાંત.	માણેકવાડા.
૪. હાલાર પ્રાંત.	રાજકોટ.

કાઠીઆવાડમાં નાનાં મોટાં મળીને ૨૧૮ સંસ્થાનોછે, જેમાંનાં મુખ્ય નીચે જણાવ્યાં છે, એ સંસ્થાનોના રાજા એજ નામનાં શેહેરોમાં રાજ કરે છે. એ મુખ્ય સંસ્થાનોમાં ભાવનગરનું સંસ્થાન કેળવણી અને વેપારમાં સર્વથી આગળ વધ્યું છે.

૧. જુનાગઢ	૬. મોરબી
૨. નવાનગર	૭. લીમડી
૩. ભાવનગર	૮. રાજકોટ
૪. ધ્રાંગદ્રા	૯. ગોંડળ
૫. પોરબંદર	૧૦. વઢવાણ

(૧૦) પાલનપુર એજન્સિ.

પાલનપુર એજન્સિ ગૂજરાત પ્રાંતની છેક ઉત્તરે છે. એ એજન્સિમાં બનારસ અને સરસ્વતી નદી વેહે છે. એની મુખ્ય પેદાશ રૂ, શેરડી, અને ડાંગર છે. એમાં ૧૧ સંસ્થાનો છે, તેમાં પાલણપુર અને રાધનપુર મુખ્ય છે.

પાલનપુર એજન્સિનાં મુખ્ય શેહેરો પાલનપુર, દીસા, અને રાધનપુર છે. પાલનપુરમાં પોલિટિકલ એજન્ટ રહેછે; અને દીસામાં અંગ્રેજી લશકરની છાવણી છે.

---

(૧૧) મહી કાંઠા એજન્સિ.

મહીકાંઠા એજન્સિ ગુજરાત પ્રાંતનાં ઇશાન ખૂણામાં, અમદાવાદ અને ખેડા જિલ્લાની ઉત્તરે છે. એ એજન્સિમાં સાબરમતી નદી વહે છે. એમાં નાના મોટા મળી ૪૮ રાજાઓ છે, અને મુખ્ય સંસ્થાન ઈડર છે.

એ એજન્સિનું મુખ્ય શેહેર સાદરા છે, જ્યાં પોલિટિકલ એજન્ટ રહે છે.

---

(૧૨) રેવાકાંઠા એજન્સિ.

રેવાકાંઠાં એજન્સિ ગુજરાત પ્રાંતની પૂર્વે છે. એ એજન્સિમાં રાજપીપલા નામે પર્વત છે, અને મહી અને નર્મદા નદી વહે છે. એ એજન્સિમાં ચાર મુખ્ય સંસ્થાનો છેઃ—૧. રાજપીપલા; ૨. છોટા ઉદેપુર; ૩. બારીઆ- ૪. લુણાવાડા. રાજપીપલા સંસ્થાન સર્વથી મોટું છે, અ-

ને તેમાં મુખ્ય શેહેર નાદોદ છે. પોલિટિકલ એજન્ટ વડોદરામાં રહે છે.

(૧૩) પંચ મહાલ એજન્સિ.

પંચ મ્હાલ એજન્સિ પંચ મહાલ જિલ્લાની દક્ષિણે છે. એમાં મુખ્ય સંસ્થાન નારૂકોટ છે. એ એજન્સિ પંચમહાલના કલેકટરના તાબામાં છે.

(૧૪) સુરત એજન્સિ.

સુરત એજન્સિના ત્રણ નાનાં સંસ્થાન છે, જે સુરત જિલ્લામાં વીખરાયલાં છે. એ સંસ્થાનો **સચીન, વાંસદા, અને ધરમપુર** છે. સુરતનો કલેકટર એ સંસ્થાનોનો પોલિટિકલ એજન્ટ છે.

ગૂજરાત પ્રાંતનાં મુખ્ય શેહેરો

૧. અમદાવાદ	૯. વડોદરા
૨. સુરત	૧૦. ભૂજ
૩. ભરૂચ	૧૧. માંડવી
૪. નડીઆદ	૧૨. ખંભાત
૫. વીરમગામ	૧૩. ભાવનગર
૬. ખેડા	૧૪. જુનાગઢ
૭. ગોધરા	૧૫. રાજકોટ
૮. દાહોદ	૧૬. પાલનપુર

(૩) કોકણ પ્રાંત.

કોકણ પ્રાંત અરબીસમુદ્ર અને સહ્યાદ્રી પર્વતની વચ્ચેનો લાંબો સાંકડો મુલક છે, જે ઉત્તરે ગુજરાત પ્રાંતની દક્ષિણ હદથી તે દક્ષિણે ફીરંગી લોકના ગોવા પ્રાંત સુધી લંબાયલો છે. એ આખો પ્રાંત, સમુદ્રના કિનારાની પાસેના થોડા ભાગ શિવાય, નાના ડુંગરોની હારથી અને ખાણોથી ભરપુર છે, અને એમાં મોટા જંગલો છે. એમાં ખેતીવાડીનું કામ સારૂં ચાલતું નથી. કોકણ પ્રાંતના ઘણા ખરા લોકો મરેઠી હિંદુઓ છે, અને તેમની ભાષા મરાઠી છે. એ પ્રાંતમાં નાની નદીઓ ઘણી છે, કોકણ પ્રાંતની મુખ્ય પેદાશ ડાંગર, નાળિએર, અને શેરડી છે.

કોકણ પ્રાંતના સાત વિભાગ કર્યા છે; તેમાં ચાર જિલ્લા અને ત્રણ દેશી સંસ્થાનો છે. મુંબઈ બેટ પણ એક જિલ્લો ગણાય છે. કોકણ પ્રાંતનાં મુખ્ય બંદર મુંબઇ, રત્નાગિરિ, વિંગોર્લા, અને હર્નાઈ છે.

કોકણ પ્રાંતના વિભાગો અને શેહેરો.

જિલ્લા	મુખ્ય શેહેરો
૧. મુંબઈ બેટ	મુંબઇ
૨. થાણા જીલ્લો	થાણા; વાંદરા; વસાઇ; કલ્યાણી
૩. કોલાબા જિલ્લો	અલિબાગ
૪. રત્નાગિરિ જિલ્લો	રત્નાગિરિ; વિંગોર્લા; હર્નાઇ.
દેશી સંસ્થાનો	
૫. ઝવાર	ઝવાર

૬. જંજીરા..................જંજીરા
૭. સાવંત વાડી ....સાવંત વાડી

ઝવાર સંસ્થાન થાણા જિલ્લાની વચમાં આવેલું છે, અને થાણાનો કલેક્ટર એ સંસ્થાનનો પોલિટિકલ એજન્ટ છે. જંજીરા સંસ્થાન કોલાબા જિલ્લાની પશ્ચિમે અરબી સમુદ્રને કાંઠે છે; અને સાવંતવાડી સંસ્થાન રત્નાગિરિ જિલ્લાની દક્ષિણે છે.

મુંબઈ બેટ.

મુંબઈ બેટ પહેલાં ફીરંગી લોકોને તાબે હતો પણ ૧૬૬૨માં ઈંગ્રેજ લોકોને સ્વાધીન કરવામાં આવ્યો હતો. મુંબઇ બેટના જે ભાગને હાલ કોટ કહે છે, તે ભાગની આસપાસ ફીરંગી લોકોએ એ સંસ્થાનનાં રક્ષણને માટે એક મજબુત કોટ બાંધ્યો હતો. એ કોટ ૧૮૬૩માં અંગ્રેજ સરકારે ભાંજી નાખ્યો. મુંબઈના ટાપુની લંબાઈ આસરે ૧૧ મેલ છે, અને સરાસરી પોહોળાઈ આસરે ૩ મેલ છે. એ બેટની વસ્તી ૮,૦૦,૦૦૦ માણસની છે. એમાં મુખ્ય દેશી ભાષા ગુજરાતી અને મરાઠી છે; પણ વેપારને અર્થે દુનિયાના સઘળા ભગોના લોકો એ શેહેરમાં આવે છે.

મુંબઈ બેટની પૂર્વે, અને એ બેટ અને કોકણના કિનારાની વચ્ચે, મુંબઈનું પ્રખ્યાત બંદર છે. એ બંદરનો વિસ્તાર મોટો છે, અને એ દુનિઆનાં સર્વથી મોટાં બંદરોમાંનું એક બંદર ગણાય છે. આખાં હિંદુસ્થાનમાં સૌથી સરસ બંદર છે. એ બંદરની આસપાસ જમીન આવવાથી તોફાણી પવનથી વહાણોનું એ બંદરમાં સારી રીતે રક્ષણ

થાય છે. એ બંદરમાં કેટલાંએક નાના ટાપુ છે, જેમાં ઘારા-પુરીનો બેટ પ્રખ્યાત છે, કેમકે ત્યાં આગળા વખતનાં ડુંગરમાં કોરી કાઢેલાં દેહેરાં છે, જે સર્વ લોકો જોવા જાય છે.

મુંબઈ શેહેર સમુદ્રની વચ્ચે આવેલું છે, તેથી એ શેહેરની હવા સુખાકારી ભરેલી છે. એ શેહેરનાં લોકોને પાણી પૂરૂં પાડવા અંગ્રેજ સરકારે સાષ્ટી * બેટમાં વીહાર અને તુલસી નામના બે તળાવો બાંધેલા છે, જેમાંથી લોઢાંના નળો વડે મુંબમાં મીઠું પાણી લાવવામાં આવે છે; પણ એ બે તળાવોનું પાણી મુંબઈની વધતી જતી વસ્તીને પુરતું નહીં હોવાથી મુંબઈથી ૬૦) મૈલને છેટે 'તાનસા' નામનુ ત્રીજું તળાવ હાલ બંધાય છે, જેનું પાણી મુંબઈમાં લાવવાથી પાણીને લગતી સઘળી અડચણ મટી જશે એવી આશા રાખવામાં આવે છે.

મુંબઈ શેહેરમાં શોભાયમાન ઇમારતો બહુ છે, તેથી એ શેહેરનો દેખાવ ઘણો સુંદર લાગે છે. એમાં સંખ્યાબંધ વિદ્યાલયો છે, અને કેલવણીનુ કામ ઘણું સારૂં ચાલે છે. હજારો કારીગરો પોતાના હુનર વડે એ શેહેરમા પોતાનું ગુજરાન કરે છે. પણ એ શેહેરનો સર્વથી મોટો ઉદ્યમ સુતર કાંતવાનો અને કાપડ વણવાનોછે, જેને માટે સંખ્યાબંધ મીલો એ શેહેરમાં બંધાઇ છે, અને હજારો માણસોને રોજી મળે છે. એ શેહેરમાં કેટલીએક ગોદીઓ છે, જેમાં એક તરતી ગોદી છે.

---

* સાષ્ટી મુંબઈની ઉત્તરે થાણા જિલ્લામાં એક બેટછે, જે મુંબઈ સાથે પુલોથી જોડાયલો છે.

મુંબઇ શેહેરના મુખ્ય ભાગો નીચે જણાવ્યા છેઃ—

૧. કોલાબા.	૮. ખેતવાડી.
૨. કોટ.	૯. ઉમરખાડી.
૩. એસપ્લેનેડ.	૧૦. ગીરગામ.
૪. ધોબીતળાવ.	૧૧. ચોપાટી.
૫. મારકીત.	૧૨. મલબારહીલ.
૬. માંડવી.	૧૩. ખંબાલા હીલ.
૭. ભૂલેશ્વર.	૧૪. તારદેવ.
૧૫. કામાતીપુરા.	૨૨. સીવરી.
૧૬. ભાયખલા.	૨૩ દાદર.
૧૭. મજગામ.	૨૪. માતુંગા.
૧૮. ચીચપુગલી.	૨૫. માહીમ.
૧૯. પરેલ.	૨૬. ધારાવી.
૨૦. નાયગામ.	૨૭. સીમ.
૨૧. વરલી.	

---

૪. દખણ પ્રાંત.

દખણ પ્રાંત સહ્યાદ્રી પર્વત અને હૈદ્રાબાદ પ્રાંતની, વચ્ચે આવેલો છે. એ પ્રાંતમાં ગોદાવરી, નીરા, ભીમા કૃષ્ણા, તુંગભદ્રા, નદીઓ વહે છે, જે સઘળી પશ્ચિમ ઘાટમાંથી નિકળે છે. નદી કાંઠાની જમીન ઘણી રસાળ છે, પણ વરસાદ નિયમસર આવતો નથી, અને ઘણો થોડો આવે છે, તેથી એ પ્રાંતના કોઇ કોઇ ભાગમાં વારંવાર દુકાળ પડે છે. એ પ્રાંતમાં મુખ્ય વસ્તી મરેઠી હિંદુઓની છે. અને મુખ્ય ભાષા મરાઠી છે.

દખણ પ્રાંતના દશ ભાગ કર્યા છે; તેમાં છ જિલ્લા છે, બે દેશી સંસ્થાનો છે, અને બે એજન્સિ છે. પુણા શેહેર દખણ પ્રાંતની રાજધાની છે. એ શેહેરમાં આગલ મરેઠી પેશ્વાની રાજ્યગાદી હતી. હાલ ચોમાસામાં મુંબઈનો ગવર્નર પુણામાં જઈ રેહે છે, કારણકે એ વખતે ત્યાંની હવા ઘણી સારી હોય છે.

દખણ પ્રાંતના વિભાગો અને શેહેરો.

જિલ્લા. મુખ્ય શેહેર.

૧. ખાનદેશ................ધુળિયા; માલેગામ.

૨. નાશક .... નાશક.

૩. અહમદનગર ....અહમદનગર.

૪. પુણા .... પુણા.

૫. સતારા .... સતારા; મહાબળેશ્વર.

૬. શોલાપુર .... શોલાપુર; બારસી; પંઢરપુર.

• સંસ્થાન

૭. પેંઠ .... પેંઠ

૮. અકલકોટ............ અકલકોટ.

એજન્સિ................

૯. ખાંનદેશ................

૧૦. સતારા .... ભોર, ફલટન, ઔંધ; જત.

પેંઠ સંસ્થાન નાસક જિલ્લાની પશ્ચિમે છે. અકલકોટ સંસ્થાન શોલાપુર જિલ્લાની પૂર્વે છે. ખાનદેશ એજન્સિનાં સંસ્થાનો ખાનદેશ જિલ્લામાં, અને સતારા એજન્સિનાં સંસ્થાનો સતારા જિલ્લામાં છે.

૫. દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંત.

દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંત દખણ પ્રાંતની દક્ષિણે છે. એની પશ્ચિમે કોકણ પ્રાંત, ગોવા, અને અરબી સમુદ્ર છે; અને એની પૂર્વે હૈદ્રાબાદ પ્રાંત અને મદ્રાસ ઇલાકો છે. એ પ્રાંતના પશ્ચિમ ભાગમાં ડુંગરોની હાર અને જંગલો છે, પણ પૂર્વ તરફનો ભાગ સપાટ ને રસાળ છે. એ પ્રાંતમાં કૃષ્ણા અને તુંગભદ્રા નદી વહે છે. એ પ્રાંતની મુખ્ય ભાષા મરાઠી અને કેનરીસ છે.

દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતના સાત ભાગ કર્યા છે; તેમાં ચાર જિલ્લા છે, બે દેશી સંસ્થાનો છે, અને એક એજન્સિ છે. ધારવાડ શેહેર એ પ્રાંતની રાજધાની છે. એ પ્રાંતની મુખ્ય બંદર કારવાર, કુમટા અને હોનાવર છે.

દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતના વિભાગો અને શેહેરો.

જિલ્લા.

૧. કલાદગી............કલાદગી; બીજાપુર.
૨. બેલગામ .... બેલગામ.
૩. ધારવાડ .... ધારવાડ; હુબ્લી.
૪. ઉત્તર કાનડા .... કારવાર; કુમટા; હોનાવર.

સંસ્થાન.

૫. કોલાપુર .... કોલાપુર.
૬. સાવનુર .... સાવનુર.

એજન્સિ.

૭. દક્ષિણ મરાઠા જાગીર .... સાંગલી; જમખંડી, મીરજ; કુરંદવાડ, મુધોળ, રામદુર્ગ

प्रकरण ३ जु

हिंदुस्तान (बरमा प्रांतसहीत)*

१. હિંદુસ્તાનની સીમા, વગેરે.

હિંદુસ્તાન એશિઆખંડની દક્ષિણે એક મોટો દેશ છે. બરમા પ્રાંત શિવાય હિંદુસ્તાન દેશની વચ્ચામાં વચ્ચી લંબાઈ ૧૯૦૦ મૈલ, અને પોહોળાઈ ૧૮૦૦ મૈલ છે. એનું ક્ષેત્રફળ આસરે ૧૬,૦૦,૦૦૦ ચોરસ મૈલ છે; અને એમાં વસ્તી સુમારે ૨૫,૦૦,૦૦,૦૦૦ માણસની છે.

સીમા—હિંદુસ્તાનની ઉત્તરે હિંદુકુશ, કર્કોરામ, અને હિમાચલ પર્વતો છે, જે એને તુર્કસ્તાન અને તિબેટથી જુદો પાડે છે; પશ્ચિમે અફગાનિસ્તાન અને બલૂચિસ્તાન દેશો અને અરબી સમુદ્ર છે; દક્ષિણે હિંદી મહાસાગર છે; અને પૂર્વે બંગાલાનો અખાત, સિઆમ પ્રાંત અને ચીન દેશ છે.

ઋતુ અને હવા—હિંદુસ્તાનમાં ત્રણ ઋતુ માલમ પડે છે; ૧. ઉનાળો એટલે ગરમીની મોસમ; ૨. શિયાળો એટલે ઠંડીની મોસમ; ૩. ચોમાસું એટલે વરસાદ અથવા સરદીની મોસમ. માર્ચ મહીનાથી જુન મહીના સુધી ગરમી

---

* આખો બરમા પ્રાંત હાલ અંગ્રેજી રાજય સાથે જોડીદીધામાં આવ્યો છે, ને એ હિંદુસ્તાનના ગવર્નર જેનરલના તાબા હેઠળ છે, તેથી એને હિંદુસ્થાનમાં ગણ્યો છે.

પડે છે; જુનથી અકટોબર સુધી વરસાદ પડે છે; અને નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ઠંડી પડે છે. હિંદુસ્તાનના મધ્ય અને દક્ષિણ ભાગમાં ગરમી ઘણી પડે છે; ઉત્તર ભાગમાં દક્ષિણ ભાગ કરતાં ઠંડી વધારે હોય છે.

પેદાએશ:—(વનસ્પતિ)—ઘઉં, ચોખા, બાજરી, જુવાર, રૂ, શણ, અફીણ, ગળી, ચા, બુંદ, તંબાકુ, શેરડી, મરી, તજ, એલચી, ગુંદર; સેંતુરનું ઝાડ, વાંસ, તાડ, નાળિએરી, ખજુરી; સાગ, સાલ, સીસમ, અબનુસ, સુખડ,

(**ખનીજ પદાર્થ**)—લોઢું, કોલસો, સોનું, ત્રાંબુ, સુસુરોખાર હીરા.

(**જાનવર**)—હાથી, વાઘ, સિંહ, ગેન્ડો, વાંદર; ઘોડો, ઉંટ, ભેંસ, બલદ, મેંઢું, બકરૂં.

---

૨. હિંદુસ્તાનના વીભાગો.

૧. મુંબઇ ઇલાકો.
૨. મદ્રાસ ઇલાકો.
૩. બંગાલા પ્રાંત.
૪. વાયવ્ય પ્રાંત.
૫. પંજાબ પ્રાંત (કાશમીર સહિત.)
૬. આઉડ અથવા અયોઢયા પ્રાંત.
૭. આસામ પ્રાંત.
૮. અપર બરમા પ્રાંત.
૯. લોઅર બરમા પ્રાંત.
૧૦. મધ્ય પ્રાંત.
૧૧. માઇસોર.

૧૨. હૈદ્રાબાદ અને બીરાર.
૧૩. મધ્ય હિંદુસ્તાન એજન્સિ.
૧૪. રજપૂતાના.
૧૫. નેપાલ અને ભૂતાન.
૧૬. ફીરંગી અને ફ્રેન્ચ સંસ્થાન.

---

૩. હિંદુસ્તાનની રાજ્ય રીતિ.

નેપાલ અને ભૂતાન પ્રાંતો સ્વતંત્ર દેશી રાજ્યો છે.

હિંદુસ્તાનમાં ફીરંગી લોકનાં ત્રણ અને ફ્રેન્ચ લોકનાં પાંચ સંસ્થાન છે. ફીરંગી સંસ્થાન ગોવા, દમન અને દીવ મુંબઇ ઇલાકામાં આવેલાં છે. ફ્રેન્ચ સંસ્થાન પોન્ડિચરી, કરિકલ, યાનાઓન, અને મહે મદ્રાસ ઇલાકામાં છે; અને ચન્દરનગર બંગાલા પ્રાંતમાં છે. એ સસ્થાનોમાં ફીરંગી અને ફ્રેન્ચ સરકાર તરફથી નીમેલા હાકમો રાજ્ય ચલાવે છે.

ઉપર જણાવેલા ૧૫ મા અને ૧૬ મા વિભાગો સિવાય બાકીના સઘળા હિંદુસ્તાનના પ્રાંતો ઉપર ઇંગ્લાંડનાં મહારાણી તરફથી એક સુબો રાજ્ય ચલાવે છે, જેને "ગવર્નર જેનરલ" કહે છે. હિંદુસ્તાનની દક્ષિણે આવેલો સીલોન અથવા લંકાબેટ હિંદુસ્તાનમાં ગણાતો નથી, પણ એશિઆના એક જુદા દેશ તરીકે ગણાય છે; તેથી એ બેટ હિંદુસ્તાનના "ગવર્નર જેનરલ" ના તાબામાં નથી. હિંદુસ્તાનની પડોસમાં આવેલા બીજા નાના બેટો "ગવર્નર જેનરલ" ની હકુમત હેઠળ છે.

"ગવર્નર જેનરલ" ના હાથ નીચે બે "ગવર્નર" છે, જેઓ મુંબઇ અને મદ્રાસ ઇલાકામાં અધિકાર ચલાવેછે; ત્રણ "લેફ્ટનન્ટ ગવર્નર" છે, જેઓ બંગાલા, પંજાબ, અને વાયવ્ય પ્રાંતમાં હકુમત ચલાવે છે; પાંચ "ચીફ કમીશનર" છે, જેઓ અયોઢયા, આસામ, અપર બરમા લોઅર બરમા અને મધ્ય પ્રાંતમાં અધિકાર ચલાવેછે; અને ચાર "ગવર્નર જેનરલ" ના "એજન્ટ" અથવા રેસિદન્ત. છે, જેઓને માઇસોર, હેદ્રાબાદ, રજપુતાના, અને મધ્ય હિંદુસ્તાનનાં દેશી સંસ્થાનોમાં નીમેલા છે.

---

૪. હિંદુસ્તાનના ટાપુ, દ્વીપકલ્પ, ભુશિર, અને કોસ્તા.

(અ) ટાપુઃ—

૧. મુંબઇ
૨. સાલસેટ (સાષ્ટી) } હિંદુસ્તાનના પશ્ચિમે, અરબી સમુદ્રમાં.

૩. લકદીવ બેટો
૪. માલદીવ બેટો } હિંદુસ્તાનની નૈરૂત્ય દિશાએ, હિંદી મહાસાગરમાં.

૫. સીલોન (લંકા)—હિંદુસ્તાનની દક્ષિણે, હિંદી મહાસાગરમાં.

૬. આન્ડામન બેટો
૭. નિકોબાર બેટો } હિંદુસ્તાનની પૂર્વે, બંગાલાના અખાતમાં.

૮. મર્ગ્વી બેટો—લોઅર બરમાની પશ્ચિમે, બંગાલાના અખાતમાં.

(આ) દ્વીપકલ્પઃ—

૧. કાઠીઆવાડ—હિંદુસ્તાનની પશ્ચિમે, કચ્છ અને ખંભાતના અખાતોની વચ્ચે.

(ઈ) ભૂશિર.

૧. દીવ—કાઠીઆવાડ દ્વીપકલ્પની દક્ષિણે.

૨. કોમોરિન—હિંદુસ્તાનની દક્ષિણે.

૩. કેલિમીયર—હિંદુસ્તાનની અગ્નિ દિશાએ.

૪. પાલમાઈરાસ—હિંદુસ્તાનની પૂર્વે.

૪. નીગ્રેસ—બરમાની પશ્ચિમે.

(ઉ) કોસ્તાઃ—

મલબાર કોસ્તો—હિંદુસ્તાનની નૈરૂત્ય દિશાએ.

૨. કોરોમાન્ડલ કોસ્તો—હિંદુસ્તાનની અગ્નિ દિશાએ.

---

૫. હિંદુસ્તાનના પર્વતો.

૧. હિંદુકુશ—હિંદુસ્તાનની વાયવ્ય દિશાએ.

૨. કેરાકોરામ કાશ્મીરની ઉત્તરે.

૩. હિમાલય—હિંદુસ્તાનની ઉત્તરે.

શિખરોઃ—૧. એવરેસ્ટ અથવા ગવરીશંકર (જે પૃથ્વીનો સર્વથી ઉંચો ભાગ છે).

૨. દવલાગિરિ.

૩. કિનચિનજંગા.

૪. નન્દાદેવી.
૫. કામાલેરી.

૪. સૂલિમાન પંજાબની પશ્ચિમે.
શિખરઃ—તખ્ત સૂલિમાન.

૫. હાલા—સિંધ પ્રાંતની પશ્ચિમે.

૬. એરેવલી—રજપૂતાનામાં.
શિખરઃ—આબૂ.

૭. વિંઢયા—મધ્ય હિંદુસ્તાનમાં, નર્મદા નદીની ઉત્તરે.

૮. સાતપૂડા—મધ્ય હિંદુસ્તાનમાં, નર્મદા અને તાપી નદીની વચ્ચે.

૯. સહ્યાદ્રિ અથવા પશ્ચિમઘાટ—હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાની સમાંતર, તાપી નદીથી તે કોમોરિન ભૂશિર સુધી.

૧૦. પૂર્વઘાટ—હિંદુસ્તાનના પૂર્વ કિનારાની સમાંતર, મહાનદીથી તે કોમોરિન ભૂશિર સુધી.

૧૧. નિલગરિ—માઇસોર પ્રાંતની દક્ષિણે.

ઊંચા શમભૂદેશ.

૧. માળવા—મધ્ય હિંદુસ્તાનમાં વિંઢયા પર્વતની ઉત્તરે.

૨. દખ્ખણ—દક્ષિણ હિંદુસ્તાનમાં પશ્ચિમ અને પૂર્વ ઘાટની વચ્ચે.

૬. હિંદુસ્તાનના સમુદ્ર અને સરોવર.

(અ) સમુદ્ર અને અખાતઃ—

૧. અરબી સમુદ્ર—હિંદુસ્તાનની પશ્ચિમે.
૨. કચ્છનો અખાત—કાઠીઆવાડ અને કચ્છની વચ્ચે.
૩. ખંભાતનો અખાત—કાઠીઆવાડ દ્વિપકલ્પની પૂર્વે.
૪. મનારનો અખાત—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.
૫. બંગાલાનો અખાત—હિંદુસ્તાનની પૂર્વે.
૬. માર્તાબાનનો અખાત—બરમાની પશ્ચિમે.

(આ) સામુદ્રધુનીઃ—

૧. પાકની સમુદ્રધુની—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

(ઇ) સરોવરઃ—

૧. વલર—કાશ્મીરમાં.
૨. મન્ચર—સિંધ પ્રાંતમાં.
૩. સમ્ભર—
૪. સર— } રજપૂતાનામાં.
૫. ચિલ્કા—
૬. પુલીકત— } હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર.

---

૭. હિંદુસ્તાનની નદી.

૧. સિંધુ નદી—હિમાલય પર્વતમાંથી નિકળીને કાશ્મીર, પંજાબ, અને સિંધ પ્રાંતમાં વહે છે, અને અરબી સમુદ્રને મળેછે.

નદ્યંતરગામિઃ—૧. કાબૂલ; ૨. પંચનદ. (પંચ-

